NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

## ધ્વજવંદન

સહર્ષ જણાવવાનુંકે, તા.૧૫મી ઓગષ્ટના **૭૦માં સ્વતંત્રતા દિવસના** મંગલ મય પર્વની ઉજવણી નિમિતે આદરણીય ડૉ. સી. જે. ડાંગરીયા, માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સદર રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ તેમજ કેમ્પસમાં વસતા ભાઈ-બહેનોને નીચે જણાવેલ સ્થળે પધારી સહભાગી થવા ભાવભીનું આમંત્રણ છે.

**આભારસહ**

**તારીખ: ૧૫/૦૮/૨૦૧૬, (સોમવાર)** **સમય: સવારે ૮.૩૦ કલાકે**

**સ્થળ: મા. કુલપતિશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન, નવસારી.**

જા.નં.: નિવિક/ટે.ર/ ૨૫૯૭-૨૬૮૦ /૨૦૧૬

તારીખ : ૦૬/૦૮/૨૦૧૬

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ
નવસારી.

**નકલસવિનયરવાનાપ્રતિ:**

૧. મા. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

૨. આચાર્ય અને ડીનશ્રી, તમામ મહાવિદ્યાલયય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

૩. નવસારી કેમ્પસની તમામ કચેરીના વડાશ્રીઓ/સ્ટાફ કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

૪. કાર્યપાલક ઈજનેરશ્રી,ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ **ધ્વજ વંદનનો સ્તંભ** અને બસની જરૂરી વ્યવસ્થા કરવા સારૂ.

૫. ચેરમેનશ્રી, વિદ્યાર્થીસંઘ, ન. મ. કૃષિમહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ **પ્રસાદીની વ્યવસ્થા કરવા તેમજ સ્વતંત્રતા દિવસે વિતરણની** વ્યવસ્થા કરવા સારૂ.

૬. ચેરમેનશ્રી, વિદ્યાર્થીસંઘ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ **ધ્વજવંદન પ્રસંગે માઇક સીસ્ટમની સુચારુ વ્યવસ્થા** કરવા સારૂ.

૭. **રેકટર/મદદ. રેકટરશ્રી, તમામ મહાવિદ્યાલય** તરફ જાણ તેમજ વિદ્યાર્થીઓને ધ્વજવંદનમાં હાજર રહેવાની સૂચના આપવા સારુ તથા **રેકટરશ્રી,** ન. મ. કૃષિમહાવિદ્યાલય, નવસારીને **યુનિવર્સિટી ભવન ખાતે ખુરશી ટેબલ અને આથર** સાથે બેઠક વ્યવસ્થા કરવા સારૂ.

૮. ડૉ. આદીલ કાઝી, એન. સી. સી. ઓફિસર અને મદદનીશ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત - વ - વનિયમહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદનની કાર્યવાહી કરવા સારૂ.

૯. પ્રોગ્રામઓફિસરશ્રી, રાસેયો(NSS), તમામ મહાવિદ્યાલય નવસારી તરફ જાણ તેમજ તેઓના યુનિટના સ્વયંસેવકોની સાથે ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.

૧૦. મેડીકલ ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ સ્ટાફ સાથે જરૂરી સારવાર માટે ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.

૧૧. સિકયુરીટી ઓફીસરશ્રી તરફ જાણ તેમજ આપના તમામ સ્ટાફ સાથે હાજર રહેવા સારુ.

૧૨. તમામ નોટીસ બોર્ડ તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે.

**નોંધ:- શહેરથી કોલેજ ઉપર આવવા માટે યુનિવર્સિટી બસની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. યુનિવર્સિટીનીબસ ડેપો ઉપરથી સવારના ૭.૩૦ કલાકે ઉપડશે તો પરિવાર સહ પધારવા વિનંતી.**